*દર સોમવારે વોટ્સએપ પર પ્રકાશિત થતું કરન્ટ અફેર્સ નું એકમાત્ર મેગેઝીન*

# * વિદ્યાશકિત *

→Available in PDF and JPEG format

→ આપના વોટ્સએપ પર અંક મેળવવા માટે Join Vidhyashakti લખી 7359470068 પર વોટ્સએપમાંથી મેસેજ મોકલવો. આપના મોબાઇલમાં વિદ્યાશક્તિનો નંબર SAVE હોવો જરૂરી છે.

અંક નં-૨૩ તા: ૮ મે -૨૦૧૭

www.vidhyashakti.blogspot.com

Email : vidhyashaktigujarat@gmail.com

સંપાદક: દરબાર સહદેવસિંહ

સ્થળ : માળિયા હાટીના

જિ : જુનાગઢ

## * ~ ગુજરાત ~ *

» ગુજરાતનો ૫૭મોં સ્થાપના દિવસ ઉજવાયો. ગુજરાત ગૌરવ દિવસ સમારોહ અંતર્ગત સાંસ્કુતિક કાર્યક્રમ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયો. ગુજરાતની સ્થાપના ૧ મે ૧૯૬૦નાં રોજ થઇ હતી.

» લોથલમાં મેરીટાઇમ હેરીટેજ મ્યુઝીયમ બનશે. અમદાવાદ જીલ્લાનાં ધોળકા તાલુકામાં આવેલ લોથલમાં સિંધુ ઘાટી સભ્યતાની વિરાસત જોવા મળશે.

» અમદાવાદ- ચેન્નઇ વચ્ચે દોડનારી હમસફર ટ્રેનને રેલ્વેમંત્રી સુરેશ પ્રભુ એ વિડિયો કોન્ફરન્સથી લીલી ઝંડી આપી. હમસફર ટ્રેન સીસીટીવી કેમેરા, જીપીએસ આધારીત ડિસ્પ્લે બોર્ડ સહિતની સુવિધા ધરાવે છે..

» માત્ર ૨૫ મિનિટમાં ૧૦ હજાર જમીનનાં નમુનાનું ટેસ્ટીંગ કરીને જુનાગઢ કૃષિ યુનિ.ની બાયોટેકનોલોજી વિભાગની મહિલા ટીમે ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યુ.

» રાજકોટમાં કેન્દ્રીય આરોગ્યમંત્રી જે.પી. નડ્ડાનાં હસ્તે ગુજરાત મલેરિયા મુકત અભિયાનનો પ્રારંભ. ફિવર હેલ્પલાઇન ૧૦૪ શરૂ કરાય.

» ગુજરાતનો પ્રથમ મહિલા ઔધોગીક પાર્ક સાણંદમાં મુખ્યમંત્રીનાં હસ્તે ખુલ્લો મુકાયો. મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્લોટનું વિતરણ કરાયું.

» ૮ થી ૨૪ જુન શાળા પ્રવેશોત્સવ ઉજવાશે. ગુજરાતમાં ૨૦૦૨થી શાળા પ્રવેશોત્સવ શરૂ થયો છે.

» ગુજરાતમાં ૧૩માં કૃષિ મહોત્સ્વનો ખેડાનાં નડિયાદથી પ્રારંભ

» રાજકોટમાં ૧૮૮૭માં ગાંધીજી જયાં ભણ્યા હતા તે આલ્ફ્રેડ હાઇસ્કુલને હંમેશા માટે બંધ કરાય, તેના સ્થાને મ્યુઝીયમ બનશે.

» સ્વચ્છતા અભિયાન અંતર્ગત "સ્વછતા સર્વેક્ષણ ૨૦૧૭" માં સમગ્ર દેશમાં ઇન્દોર પ્રથમ ક્રમે. બિજા ક્રમે ભોપાલ. જયારે સુરત

ચોથા ક્રમે અને વડોદરા ૧૦ માં ક્રમે છે. સૌથી છેલ્લા ક્રમે યુપીનું ગૌડા છે. ટોપ ૫૦ શહેરોમાં ગુજરાતનાં ૧૨ અને મધ્યપ્રદેશનાં ૧૧ શહેરો છે. સ્વચ્છતા અભિયાનની શરૂઆત ઓક્ટો-૨૦૧૪માં થઇ હતી. આ સર્વેમાં ૧ લાખથી વધુ વસ્તી ધરાવતા ૪૩૧ શહેરોનો સમાવેશ કરાયો હતો. આ સર્વેમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, કચરો એકઠી કરવાની કામગીરી, શૌચાલયોની હાલત, સ્વછતાં અંગે લોકોની જાગ્રુતિ વગેરે બાબતોનો સમાવેશ કરાયો હતો.

## * ~ ભારત ~ *

» પ્રધાનમંત્રી એ વૈષ્ણવ સંત શ્રીરામાનુજાચાર્યની ૧૦૦૦મી જયંતિ નિમિતે ટપાલ ટીકીટ જારી કરી, તેમનો જન્મ ઇ.સ.૧૦૧૭માં તમિલનાડુનાં શ્રીપેરમ્બદુરમાં થયો હતો.તેમણે શ્રી ભાષ્યમ અને ગીતા ભાષ્યમ લખ્યુ છે..

» તુર્કિના રાષ્ટ્રપતિ રોસેપ તૈય્યપ અર્દોગન ભારતની મુલાકાતે આવ્યાં. ભારત –તુર્કિ વચ્ચે સંસ્કુતિ,તાલીમ અને સંદેશાવ્યવહાર બાબતે સમજુતિ થઇ.

» રિઅલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એકટ -૨૦૧૬ ૧ મેથી લાગુ થયો. તેનો ઉદેશ્ય દેશભરમાં મકાન ખરીદનારાનાં હિતોનું રક્ષણ કરવાનો અને પારદર્શિતા લાવવાનો છે. તેમાં દરેક રાજયમાં રિઅલ એસ્ટેટ રેગ્યુલેશન ઓથોરીટી(RERA) રહેશે, જે આ બાબતનાં કેસોનો ૬૦ દિવસમાં નિકાલ લાવશે. આ બીલ કોંગ્રેસનાં ગીરીજા વ્યાસે ૨૦૧૩માં રજુ કર્યુ હતું.

» ફિલ્મ બાહુબલી-૨ એ ૭ દિવસમાં ૮૬૦ કરોડની કમાણી કરીને રેકોર્ડ કર્યો. તેના ડીરેકટર એસ.એસ. રાજામૌલી છે અને તેનો હીરો હૈદરાબાદનો પ્રભાસ છે.

» કેન્દ્રીય માનવ સંશાધનમંત્રી પ્રકાશ જાવડેકરે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના અને દેશભક્તિ જગાડવાનાં ઉદેશ્યથી સંરક્ષણ મંત્રાલયનાં સહયોગથી " વિદ્યા વિરતા અભિયાન-સ્ટુડન્ટ ફોર સોલ્જર " અભિયાન લોંચ કર્યુ.

» ભારતનાં નવા કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ તરીકે એંથોની લિનજુઆલાની નીમણુક.

» યુપી સરકાર ૨૪ જાન્યુ ને ઉતરપ્રદેશ દિવસ તરીકે ઉજવશે. ૨૪ જાન્યુ ૧૯૫૦માં યુનાઇટેડ પ્રોવિન્સને ઉતરપ્રદેશ નામ અપાયુ હતું.

» પબ્લીક એકાઉન્ટ કમિટીનાં નવા અધ્યક્ષ કોંગ્રેસનાં મલ્લિકાર્જુન ખડગે બન્યાં. તેઓએ કે.વી.થોમસનું સ્થાન લીધુ છે. તેમાં કુલ ૨૨ સભ્ય હોય છે જેમાં લોકસભાનાં ૧૫ અને રાજયસભાનાં ૭ સભ્ય હોય છે.

» જમ્મુમાં ચિનાબ નદી પર વિશ્વનો સૌથી ઉંચો રેલ્વે પુલ બનશે. ૩૫૯મી ઉચો આ પુલ એફિલ ટાવર કરતા પણ ૩૫મી ઉચો હશે. ૧૧૦૦ કરોડનાં ખર્ચે બનનારો આ પુલ

ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા લીંક પરિયોજનાનો એક ભાગ છે. તેમાં ૨૪ હજાર ટન લોખંડ વપરાવાનો અંદાજ છે.

» દેશભરમાં ૭ વર્ષ બાદ હાથીની વસ્તી ગણતરી હાથ ધરાશે. હાલમાં સૌથી વધુ હાથી કેરળ(૬૧૮૨) છે, જયારે બિજા નંબરે કર્ણાટક (૬૦૬૮) છે.

» આંધ્રપ્રદેશનાં વિજયવાડા એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો દરજ્જો અપાયો.

» ICSSR(Indian council of social science research) નાં અધ્યક્ષ તરીકે બ્રહ બિહારી કુમારની નિમણુંક.

» દેશમાં હાઇકોર્ટની પ્રથમ મુખ્ય ન્યાયધીસ બનનાર લીલા શેઠનું નિધન. તેઓ ૧૯૭૮માં દિલ્હી હાઇકોર્ટમાં પ્રથમ મહિલા જજ બન્યા હતા અને બાદમાં ૧૯૯૧માં હિમાચલ પ્રદેશની હાઇકોર્ટનાં પ્રથમ મુખ્ય મહિલા ન્યાયધીશ બન્યા હતાં.

» મધ્યપ્રદેશ વિધાનસભાએ નર્મદા નદીને જીવીત સંસ્થાનો દરજ્જો આપવાનો પ્રસ્તાવ પસાર કર્યો.

» અસમને કેન્દ્રસરકારે ૩ મહિના માટે AFSPA (આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર એક્ટ) હેઠળ અશાંત ક્ષેત્ર જાહેર કર્યુ.

## * ~ વિશ્વ ~ *

» અમેરિકામાં સ્પેસ એક્સ (સ્પેશ એક્સપ્લોરેશન ટેકનોલોજી કોર્પોરેશન)એ ફાલ્કન -૯ રોકેટ દ્વારા અમેરિકન આર્મીનો પ્રથમ સેટેલાઇટ અવકાશમાં તરતો મુકયો. પ્રાઇવેટ કંપનીનાં આ રોકેટે પ્રથ્વી પર સફળ ઉતરાણ કર્યુ હતું.

» ચીનનાં પ્રથમ સ્વદેશી વિમાન એમ્ફીબિયસ એજી૬૦૦૦ એ સફળ ઉડાન ભરી. ચીને દાવો કર્યો છે કે આ વિશ્વનું સૌથી મોટુ એમ્ફીબિયસ વિમાન છે જે ૫૩.૩ ટન વજન ધરાવે છે અને ૧૨ ટન પાણી માત્ર ૨૦ સેકન્ડમાં ભરવાની ક્ષમતા ધરાવે છે. એમ્ફીબિયસ વિમાન એવું વિમાન હોય છે જે પાણી અને જમીન બંન્ને પરથી ઉડાન ભરી શકે છે અને ઉતરાણ કરી શકે છે.

» મોસ્કોમાં યોજાયેલ ૧૦મી રેત કલા ચેમ્પિયશીપમાં ભારતનાં સુદર્શન પટનાયકે ગોલ્ડ મેડલ મેળવ્યો.

» જાપાન-ઓસ્ટ્રેલિયા-ભારત વચ્ચે ત્રિપક્ષિય વાર્તા ઓસ્ટ્રેલિયામાં સંપન્ન થઇ. જુલાઇમાં ત્રણેય દેશોનો નૌસૈનિક યુધ્ધ અભ્યાસ થશે.

» માઇક્રોસોફ્ટ ડિઝાઇન ફોન્ટ મેળવનાર દુબઇ વિશ્વનું પ્રથમ શહેર બન્યું. આ ફોન્ટને દુબઇ નામ આપવામાં આવ્યુ છે.

» ચીનનાં પ્રથમ સ્વદેશી યાત્રી વિમાન સી-૯૧૯ નું સફળ પરીક્ષણ. અમેરિકા, બોઇંગ અને એરબસને ટક્કર આપશે.

## * ~ આર્થિક જગત ~ *

» મધ્યપ્રદેશ સરકારે નાણાકિય વર્ષ ૧ જાન્યુ. થી ૩૧ ડીસેમ્બર કર્યુ. બજેટ સત્ર ડીસેમ્બરમાં યોજાશે.
-ભારતમાં નાણાકિય વર્ષ ૧ એપ્રિલ થી ૩૧ માર્ચ ૧૮૬૭ થી શરૂ થયુ છે.
-૧૫૬ દેશમાં ૧ જાન્યુ. થી ૩૧ ડીસે. નાણાકીય વર્ષ છે
-વિશ્વબેંક, આઇએમએફ વગેરેનું નાણાકિય વર્ષ ૧ જાન્યુ. થી ૩૧ ડીસે. જ છે

» CII ( કોન્ફડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીજ) નાં અધ્યક્ષ તરીકે શોભના કામનીની નિમણુંક

» બેંકીગ રેગ્યુલેશન એક્ટ-૧૯૪૯ અંતર્ગત NPA (Non performing Asset) નાં અધિનિયમને રાષ્ટ્રપતિની મંજુરી. હવે જાણી જોઇને લોન ના ચુકવનારા સામે પગલા લેવાનાં આરબીઆઇને વધુ અધિકારો મળશે.

» કેન્દ્ર સરકારે ૬ બેંકોનાં નવા સીઇઓ અને એમડી ની નિમણુક કરી છે.
-આર સુબ્રમણ્યમ કુમાર –ઇન્ડિયન ઓવર્સીઝ બેંક
-રાજકિરણ રાય –યુનિયન બેંક ઓફ ઇન્ડિયા
-સુનિલ મહેતા-પંજાબ નેશનલ બેંક
-ઉષા અનંત સુબ્રમણ્યમ- અલાહાબાદ બેંક
-દીનબંધુ મહાપાત્રા-બેંક ઓફ ઇન્ડિયા
-એમ એ રીગો- સિન્ડીકેન્ટ બેંક
-આર એ શંકર નારાયણ-વિજયા બેંક

## * ~ રમત જગત * ~

» ભારતનાં ટેબલ ટેનિસ ખેલાડી સૌમ્યજીત ઘોષે ITTF(Internation Table Tennis Fedration) ની ચીલી ઓપન ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમમાં ભારતનાં એન્થોની અમલરાજને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો.

» ચેન્નઇમાં યોજાયેલ એશિયન સ્કવોશ ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા જોશના ચિન્પા બની.. ભારતની જ દિપીકા પલ્લકલને હરાવી.

» ૧ મે એ જાહેર થયેલ ICC વન ડે રેંકિંગમાં ભારતીય ટીમ(૧૧૭ પોઇન્ટ) ત્રિજા સ્થાને પહોચી. પ્રથમ નંબરે દક્ષિણ આફ્રિકા(૧૨૩ પોઇન્ટ) છે.

» FIFA વર્લ્ડ રેકિંગમાં ભારતીય ફુટબોલ ટીમ ૧૦૦માં સ્થાને પહોચી. ૧૯૯૬ બાદ પ્રથમવાર ટોપ-૧૦૦માં સ્થાન પામી છે.

» ભારતીય કુશ્તી સંઘે અર્જુન પુરસ્કાર માટે સંદિપ તોમર અને હરદીપનું નામ સુચવ્યુ. ભારતીય કુશ્તી સંઘના અધ્યક્ષ વ્રજભુષણ શરણસિંહ છે.

» મલેશિયામાં યોજાયેલ સુલતાન અઝલન શાહ કપમાં ભારતીય ટીમ ન્યુઝીલેન્ડને હરાવી બ્રોન્ઝ મેડલ જીત્યો. ઓસ્ટ્રેલિયાને હરાવીને બ્રિટને ગોલ્ડ મેડલ જીત્યો.

## * ~ સંરક્ષણ / વિજ્ઞાન ~ *

» ઇસરોએ દક્ષિણ પુર્વ એશિયાઇ ઉપગ્રહ GSAT-9 લોંચ કર્યો. GSLV-F09ની ૧૧ મી

ઉડાન દ્વારા લોંચ કરાયેલ, આ ઉપગ્રહનો વજન ૨૨૩૦ કિ.ગ્રા, અને ૧૨ KU Band ટ્રાંસપોન્ડર સાથે જીઓસિન્ક્રોનાઇઝ ટ્રાન્સફર ઓરબીટ (GTO) માં સ્થાપીત કરાયો છે. ૪૦૦ કરોડનાં ખર્ચે લોંચ કરાયેલ આ ઉપગ્રનું આયુષ્ય ૧૨ વર્ષનું રહેશે.
ઉપગ્રહથી ભારત, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ,શ્રીલંકા, નેપાળ, ભુટાન અને માલદીવને ટીવી, ડીટીએચ, વિસેટ કોમ્યુનિકેશન , ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંબંધી સુવિધાઓ મળશે.

» જમીનથી જમીન પર માર કરનાર બ્રહમોસ બ્લોક-૩ ક્રુઝ મિસાઇલનું આંદામાન નિકોબાર માં સફળ પરીક્ષણ કરાયું.

» જર્મનીનાં હેમ્બર્ગમાં વિશ્વનાં સૌથી મોટા એકસ રે લેઝર એ કામ કરવાનું શરૂ કર્યુ. વૈજ્ઞાનિકોએ પ્રથમ કિરણ સફળતા પુર્વક છોડયું. એકસ રે લેઝર XFEL (એકસ રે ફ્રી ઇલેકટ્રોન લેઝર) પ્રોજેકટની લંબાઇ ૩.૪ કિમી છે અને તેનાથી વિભીન્ન રાસાયણિક પ્રક્રિયાઓ અને નવા પદાર્થોને સમજવામાં સરળતા રહેશે.

» ભારતમાં પ્રાઇવેટ ધોરણે નાના હથિયારો બનાવતી ફેકટરી મધ્યપ્રદેશનાં મલાનપુરમાં શરૂ થઇ. આ ફેકટરી ભારતની પુંજ લોયડ ઇન્ડસ્ટ્રીજ અને ઇઝરાયેલની ઇઝરાયેલ વેપન ઇન્ડસ્ટ્રીજ નું સંયુકત ઉપક્રમ છે. જેમાં એસોલ્ટ રાઇફલ જેવા નાના હથિયારો સ્વદેશી ધોરણે બનશે.

## * ~ Days of The week* ~

૧-મે-ગુજરાત સ્થાપાના દિવસ, આંતરરાષ્ટ્રીય મજુર દિવસ(ભારતમાં પ્રથમવાર ૧૯૨૩માં ઉજવાયેલ)
મે મહિનાનો પ્રથમ મંગળવાર- વિશ્વ અસ્થમા દિવસ
૨-મે-ગંગા સ્વછતા સંકલ્પ દિવસ
૩-મે-આંતરરાષ્ટ્રીય પ્રેસ સ્વતંત્રતા દિવસ(ભારત પ્રેસ સ્વતંત્રતાની યાદીમાં ૧૩૬માં ક્રમે છે. યુનો દ્વારા આ દિવસની ૧૯૯૩માં જાહેરાત કરાય હતી. આ વર્ષનો વિષય- ક્રિટીકલ માઇન્ડ ફોર ક્રિટીકલ ટાઇમ્સ છે.)
૭-મે-રવિન્દ્રનાથ ટાગોર જન્મ જયંતિ
૮-મે-વર્લ્ડ રેડક્રોસ દિવસ(રેડક્રોસ નાં સ્થાપક જે.એચ.ડુનાન્તનો જન્મદિવસ)

## * ~પ્રશ્નોતરી* ~

1) ગુજરાતે પોતાનો કેટલામો સ્થાપના દિવસ ઉજવ્યો ?-
2) અમદાવાદ-ચેન્નઇ વચ્ચે કઇ ટ્રેન શરૂ કરવામાં આવી છે ?
3) ક્યાં વૈશ્નવ સંતની તાજેતરમાં ૧૦૦૦મી જન્મજયંતિ ઉજવાય ?
4) ભારતની મુલાકાતે આવેલ તુર્કીનાં રાષ્ટ્રપતિ કોણ છે ?
5) દેશમાં રિઅલ એસ્ટેટ બાબતે ક્યો એકટ ૧ મે થી દેશમાં લાગુ થયો છે ?
6) કમાણીનાં રેકોર્ડ તોડનાર ફિલ્મ બાહુબલી-૨નાં ડીરેકટર અને હિરો કોણ છે ?

7) આંતર રાષ્ટ્રીય મજુર દિવસ કયારે ઉજવવામાં આવે છે ?
8) વિદ્યાર્થીઓમાં દેશભક્તિ જગાડવાનાં ઉદેશ્યથી કયુ અભિયાન શરૂ કરાયુ છે ?
9) ઉતરપ્રદેશ દિવસ કયારે ઉજવાશે ?
10) જમ્મુમાં કઇ નદી પર વિશ્વનો સૌથી ઉંચો રેલ્વે પુલ બનશે ?
11) મોસ્કોમાં યોજાયેલ રેત કલા ચેમ્પિયનશિપમાં કયા ભારતીય કલાકારે ગોલ્ડ મેડલ જીત્યો ?
12) ભારતનાં કયા રાજયમાં નાણાકિય વર્ષ ૧ જાન્યુથી ૩૧ ડીસે. કરવામાં આવ્યુ છે ?
13) ચીલીમાં યોજાયેલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં ગોલ્ડમેડલ કયા ભારતીય ખેલાડીએ જીત્યો છે ?
14) એશિયન સ્કવોશ ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા કોણ ?
15) ICC વન ડે રેકિંગમાં ભારત કેટલામાં સ્થાને છે ?
16) ઇસરોએ કયો દક્ષિણ પુર્વ એશિયાઇ ઉપગ્રહ લોન્ચ કર્યો છે ?
17) ભારતે આંદામાન નિકોબારમાં કઇ મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યુ ?
18) ગુજરાતનો પ્રથમ મહિલા ઔધોગીક પાર્ક કયાં ખુલ્લો મુકાયો ?
19) ગુજરાતમાં કેટલામાં કૃષિ મહોત્સ્વનો પ્રારંભ થયો ?
20) સ્વચ્છતા સર્વેક્ષણ -૨૦૧૭માં કયુ શહેર પ્રથમ સ્થાને રહ્યુ ?
21) PAC નાં અધ્યક્ષ તરીકે કોની નિમણુક કરવામાં આવી છે ?
22) દેશમાં સૌથી વધુ હાથી કયા રાજયમાં છે ?
23) આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો દરજ્જો કયા એરપોર્ટને મળ્યો ?
24) પંજાબ નેશનલ બેંકનાં નવા એમડી કોણ બન્યા ?
25) સુલતાન અઝલન શાહ કપમાં ભારત કેટલામાં સ્થાને રહ્યુ ?

## *~ જવાબો *~

(૧)૫૭મોં (૨)હમસફર એકસપ્રેસ ટ્રેન (૩)સંત રામાનુજાચાર્ય (૪)રોસેપ તૈય્યપ અર્દોગન(૫) ધ રિઅલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એકટ-૨૦૧૬ (૬)ડીરેકટર એસ.એસ. રાજામૌલી હીરો પ્રભાસ(૭)૧ મે (૮)વિદ્યા વિરતા અભિયાન (૯)૨૪ જાન્યુ (૧૦)ચિનાબ (૧૧)સુદર્શન પટનાયક (૧૨)મધ્યપ્રદેશ (૧૩)સૌમ્યજીત ઘોષ (૧૪)જોશના ચિન્પા (૧૫)ત્રિજા (૧૬)GSAT-9 (૧૭)બ્રહ્મોસ બ્લોક-૩ ક્રુઝ મિસાઇલ (૧૮) સાણંદ (૧૯)૧૩મો (૨૦)ઇન્દોર (૨૧)મલ્લિકાર્જુન ખડગે (૨૨)કેરળ (૨૩)વિજયવાડા (આંધ્રપ્રેદેશ) (૨૪)સુનિલ મહેતા (૨૫)ત્રિજા